તા. ૦૨.૦૬.૨૦૨૪

નવગુજરાત સમય, પાના નં. ૬૩

**કનેક્ટિવિટી** | **નર્મદા કેનાલ પરના કેબલ સ્ટેડ પુલ પર ચાર ટ્રેન રાખી ટેસ્ટિંગ કરાયું**

# જુલાઈના અંત સુધીમાં અમદાવાદથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન દોડતી થશે

**નવગુજરાત સમય > ગાંધીનગર**

અમદાવાદમાં સફળ થઈ રહેલી મેટ્રો ટ્રેન જુલાઈના અંતમાં અમદાવાદ-મોટેરાથી ગાંધીનગર સુધી દોડતી થઈ જશે. જેના કારણે અમદાવાદથી ગાંધીનગર વચ્ચે પબ્લિક ટ્રાન્સપોર્ટનો વધુ એક વિકલ્પ મુસાફરોને મળશે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા સમય મર્યાદામાં મેટ્રો દોડતી કરવા ગિફ્ટ સિટી પાસેના સાબરમતી નદી અને સુઘડ પાસે નર્મદા કેનાલ પરના કેબલ સ્ટેડ પુલ ઉપર મેટ્રો ટ્રેન ઉભી રાખી લોડ ટેસ્ટિંગ કરાયું હતું. નર્મદા કેનાલ પરના પુલ ઉપર એકસાથે જરૂરી વજન સાથે ચાર મેટ્રો ટ્રેન રાખીને ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. મોટેરાથી ગાંધીનગર સેક્ટર-1 સુધી મેટ્રો ટ્રેન માટેની કામગીરી પૂરઝડપે ચાલી રહી છે. તે માટે મેટ્રો ટ્રેનને પ્રાયોગિક ધોરણે ચલાવીને ચકાસણી ચાલી રહી છે. અમદાવાદથી ગાંધીનગર સુધી વિવિધ સ્થળે લોડ ટેસ્ટિંગ અને સ્ટેશનની કામગીરી પણ આગામી સમયમાં પૂર્ણ કરવા તૈયારી ચાલી રહી છે. જૂન મહિનાના અંત સુધીમાં કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટીને રૂટની ચકાસણી કરવા જીએમઆરસી દ્વારા વિનંતી કરાશે. વિવિધ પ્રક્રિયામાં તેમના દ્વારા જે મુદ્દે નોંધ



**પ્રથમ તબક્કામાં મોટેરાથી ગાંધીનગર સે-1 સુધી ટ્રેન દોડશે**

લેવાશે તેનું અનુપાલન કરીને જુલાઈ મહિનાના અંત સુધીમાં મેટ્રો ટ્રેન અમદાવાદ ગાંધીનગર વચ્ચે દોડતી કરી દેવાશે તેમ પણ જણાવાયું છે.

અમદાવાદમાં મેટ્રો ટ્રેન શરૂ કર્યા બાદ મુસાફરો તેનો તબક્કાવાર મહત્તમ ઉપયોગ શરૂ કરાયો છે. મેટ્રોના વિસ્તરણમાં હવે અમદાવાદથી ગાંધીનગર સુધીના રૂટની પણ શરૂઆત કરાશે. તે પછી ગાંધીનગરમાં અન્ય મેટ્રો સ્ટેશન સુધી મેટ્રો દોડાવવાનું શરૂ કરાશે.